ગાંધીનગર સમાચાર

સેક્ટર-૭માં ઝુંપડાના ૧૫ દબાણ દુર કરાયા

# ગાંધીનગરમાં રથયાત્રાની તૈયારીઓ આરંભાઈ

**રથયાત્રામાં અમદાવાદના અખાડાની ટીમ અને આબુરોડથી ગજરાજ પધારશે : નગરમાં ૩૨ મી રથયાત્રાને અનુલક્ષી તડામાર તૈયારી : રથને રંગરોગાન કરવા સહીત શણગારવાનુ કામ શરૂ : રજાના દિવસે રથયાત્રા હોવાથી ભાવિકોમાં વિશેષ ઉત્સાહ : મોસાળમાં ૪૫૦૦ ભાવિકો માટે પ્રસાદની વ્યવસ્થા રથયાત્રામાં હાથી ઘાડા ,પાલખી સહીત અનેક આકર્ષણો જોવા મળશે**



ગાંધીનગર તા ૨૩

ગાંધીનગરમાં આગામી ૬ જુલાઈના રોજ ભગવાન જગન્નાથજીની ૩૨મી રથયાત્રા નિકળશે. રથયાત્રાના આયોજનને અનુલક્ષી રથયાત્રા સમિતિના હોદેદારોની ધાર્મિક તેમજ નગરની સ્વૈચ્છિક સંસ્થાના આગેવાનો સાથે બેઠક યોજવામાં આવી હતી. રથયાત્રાને અનુલક્ષી હાલ પુર્વ તૈયારીઓ શરૂ કરી દેવામાં આવી છે. જયારે ભગવાનના રથનો રંગરોગાન તેમજ શણગારની કામગીરી હાથ ધરવામાં આવી છે.જય રણછોડ..માખણચોર..ના જયઘોષ સાથે નિકળનારી ભગવાન જગન્નાથજીની રથયાત્રામાં હાથી ઘોડા પાલખી જોવા મળશે. રથયાત્રા માટે હાથી આબુ રોડથી આવશે.

ગાંધીનગરમાં વર્ષ ૧૯૮૫થી રથયાત્રાનુ આયોજન કરવામાં આવી રહયુ છે. ગુજરાતની સૌથી લાંબી રથયાત્રા નિકળે છે. આગામી તા ૬ જુલાઈના રોજ પણ નગરમાં ૩૨મી રથયાત્રાનુ આયોજન કરવામાં આવ્યુ છે. ૩૧ કી મી લાંબી રથયાત્રાને અનુલક્ષી રથયાત્રા સમિતિ દ્વારા જરૂરી તૈયારી હાથ ધરવામાં આવી છે. તાજેતરમાં રથયાત્રા સમિતિ તેમજ નગરની સ્વૈચ્છિક અને ધાર્મિક સંસ્થાઓના આગેવાનોની બેઠક પણ યોજવામાં આવી હતી. જેમાં રથયાત્રાને અનુલક્ષી જરૂરી ચર્ચા વિચારણા હાથ ધરવામાં આવી હતી. હાલ ભગવાન

● અનુસંધાન પાન-૭ પર

# પોલીસની મદદ હવે પાંચ જ મીનીટમાં મળી રહેશે

**કંટ્રોલ રૂમમાંથી કૉલરના લોકેશનથી નજીકમાં ઉભેલી પીસીઆરને જીપીએસમાં જોઈને સીધો કોલ કરાશે : શહેરમા છ પીસીઆર મુકી દેવાઈ અને તમામને વિસ્તાર વહેંચી દેવાયો : ક્વીક રીસ્પોન્સ મળે તે માટે ગાંધીનગર એસ.પી.એ નિર્ણય લીધો**

ગાંધીનગર, તા. ૨૩

અત્યાર સુધી એવુ થતુ હતુ કે ગુનો બન્યા બાદ ભોગ બનનાર વ્યક્તિ કંટ્રોલરૂમમાં ફોન કરે ત્યાર બાદ વાયા...વાયા... મેસેજ કન્વે થઈને પીસીઆર વાન સુધી પહોંચતા અને ત્યાર બાદ પંદર મીનીટે પોલીસ ઘટનાસ્થળે પહોંચતી. ત્યાં સુધીમાં તો ગુનેગારો શહેર છોડીને ક્યાય નીકળી ચૂક્યા હોય..! પરંતુ હવે આમ નહી થાય. પાંચ જ મીનીટની અંદર પોલીસ ઘટનાસ્થળે પહોંચી જાય તેવી સ્કીમ ગાંધીનગર એસપીએ ટેકનોલોજીની મદદથી તૈયાર કરી દીધી છે.





ગાંધીનગર શહેરના સેક્ટર-૭ અને સે. ૨૧ બંને પોલીસ સ્ટેશનમાં પહેલા બબ્બે પીસીઆરવાન ફાળવવામાં આવી હતી. તે વધારીને હવે ત્રણ-ત્રણ કરી દેવામાં આવી છે. હવે શહેરમાં છ પીસીઆર વાન છે. જેમાં જીપીએસ લગાડવામાં આવેલા છે. જીપીએસ સીસ્ટમથી પીસીઆર ક્યાં ક્યાં ફરે છે તેનું મોનીટરીંગ થઈ રહ્યું છે. તમામ છ પીસીઆર વાનને ક્યા ક્યા અને કેટલા વિસ્તારમાં ફરવું તે માટેનો વિસ્તાર વહેંચી દેવામાં આવ્યો છે. તેની બહાર જે પીસીઆર જશે તેની માહિતી કંટ્રોલમાં સીધી મળશે. પીસીઆર વાન સતત પેટ્રોલીંગ કરશે તે દરમ્યાન કોઈ પણ ગુનો શહેરમાં બનશે અને કંટ્રોલરૂમમાં ભોગ બનનાર વ્યક્તિનો કોલ આવશે ત્યારે તેની મદદે પાંચ જ મિનિટમાં પીસીઆર પહોંચી જાય તે પ્રકારેની વ્યવસ્થા ઉભી કરવામાં આવી છે.

● અનુસંધાન પાન-૭ પર

## કંટ્રોલમાં કૉલ રીસીવ નહી થાય તો જવાબદાર કર્મચારી સામે પગલા લેવાશે

ગાંધીનગર જિલ્લા પોલીસ કંટ્રોલ રૂમમાં ૨૪ કલાક પોલીસ કર્મીઓ તૈનાત રાખવામાં આવે છે. જો એક પણ કોલરનો કોલ રીસીવ નહી થાય અને તે પણ પોલીસકર્મીની બેજવાબદારી હશે તો તેવા કિસ્સામાં જવાબદાર પોલીસ કર્મી કે જે ડ્યુટી પર હશે તેની સામે કાયદેસરના શિક્ષાત્મક પગલા ભરવામાં આવશે તેમ એસપી વિરેન્દ્રસિંહ યાદવે જણાવ્યું છે.

## જિલ્લા બહારનો ગુનો હશે તો કૉલ ફોરવર્ડ પણ કરી અપાશે

ક્યારેક એવુ પણ બનતુ હોય છે કે ગુનો બન્યા બાદ ભોગ બનનાર વ્યક્તિ પોલીસ કંટ્રોલમાં ફોન કરે ત્યાર બાદ ખ્યાલ આવે કે આ ગુનો જિલ્લા બહારનો છે. પહેલા આવા કિસ્સામાં સંબંધીત જિલ્લાના કંટ્રોલરૂમનો નંબર આપી કોલરને ત્યાં ફોન કરવા કહેવાતુ હતુ. પરંતુ હવે કોલર પરેશાન ન થાય તે માટે કંટ્રોલરૂમમાંથી જ કોલ ટ્રાન્સફર કરીને સંબંધીત જિલ્લા પોલીસ કંટ્રોલમાં કોલ ફોરવર્ડ કરી આપવા એસપી વિરેન્દ્રસિંહ યાદવે આદેશ કર્યો છે.

# કલેક્ટરે કચેરીનો રાઉન્ડ લીધો

**૨ ગુટલીબાજ કર્મચારીઓ મળી આવ્યા**

ગાંધીનગર, તા. ૨૩

ગાંધીનગર જિલ્લા કલેક્ટર સતીષ પટેલે આજે બે ગુટલાબાજ કર્મચારીઓને કચેરીના આકસ્મિક ચેકિંગમાં પકડી પાડી તેમનો ખુલાસો લેખિતમાં માંગતા તંત્રમાં ફફડાટ વ્યાપી જવા પામ્યો છે.

મળતી વિગતો પ્રમાણે જિલ્લા કલેક્ટર સતીષ પટેલે આજે કલેક્ટર કચેરીની દબાણ શાખા, જમીન ફાળવણી શાખા તેમજ આયોજન કચેરીની ચકાસણી હાથ ધરી હતી.

આ ત્રણ કચેરીઓમાંથી બે કર્મચારીઓ તેમની ફરજના સ્થળે હાજર ન જણાતાં કલેક્ટર ચોંકી ઉઠ્યા હતા અને તેમણે આ કર્મચારીઓના લેખિતમાં ખુલાસા પુછવાની અધિકારીઓને સૂચના આપી હતી.

જિલ્લા કલેક્ટર સતીષ પટેલે હોદ્દાનો ચાર્જ સંભાળ્યા પછી ત્રીજીવાર કલેક્ટર કચેરીનો રાઉન્ડ લીધો હતો. તેમણે અગાઉ બે વખત કચેરીની મુલાકાત લઈ સ્વચ્છતા તેમજ પીવાના પાણીની વ્યવસ્થામાં ચાલતા અંધેર અંગે જરૂરી કાર્યવાહી કરવા સૂચનાઓ આપી હતી. આજે ત્રીજા રાઉન્ડમાં તેમણે બે ગુટલીબાજ કર્મચારીઓને નોટીસ આપવાના કરેલા નિર્ણયને લઈ કર્મચારીઓમાં ફફડાટની લાગણી પ્રસરી જવા પામી છે.

# મધ્યાહન ભોજન યોજનાના મોનીટરીંગ માટે હવે આઈવીઆરએસ સિસ્ટમ

**દહેગામમાં પણ મધ્યાહન ભોજન યોજનાનું સંચાલન અક્ષયપાત્રને સોંપવા કરાયેલી દરખાસ્ત**

ગાંધીનગર, તા. ૨૩

આગામી ૧લી જુલાઈથી રાજ્યભરની પ્રાથમિક શાળાઓમાં મધ્યાહન ભોજન યોજનાના અમલીકરણના મોનીટરીંગ સિસ્ટમમાં બદલાવ કરી આઈ વી આર એસ સિસ્ટમથી કરાશે.

રાજ્યના શિક્ષણ વિભાગે આ માટે ઈન્ડેક્ષ બી ને જવાબદારી સોંપી છે અને તે માટે રૂ. ૮૬ લાખથી પણ વધુ રકમની ગ્રાન્ટ ચૂકવી આપી છે.

આઈ વી આર એસ સિસ્ટમમાં ભોજનની ગુણવત્તા, બાળકોની હાજરી સહિતની વિગતો સરકારને મુખ્ય શિક્ષક દ્વારા રોજે રોજ પુરી પાડવાની રહેશે.

કેન્દ્ર સરકારે આ માટે કરેલા સૂચનને પગલે આઈ વી આર એસ દ્વારા મોનીટરીંગ કરવાનો નિર્ણય રાજ્ય સરકારે કરેલ છે.

દરમ્યાન ગાંધીનગર જિલ્લા સહિત રાજ્યના તમામ આચાર્યોને આ અંગે આજે બાયસેગની મદદથી ખાસ કોન્ફરન્સ યોજવામાં આવનાર છે.

દરમ્યાન ગાંધીનગર જિલ્લામાં હાલ અક્ષયપાત્ર સંસ્થા દ્વારા ત્રણ તાલુકામાં મધ્યાહન ભોજન યોજનાનું સંચાલન થઈ રહેલ છે. દહેગામ તાલુકામાં પણ ૨૦૦થી વધુ શાળાઓમાં હવે આ યોજનાના સંચાલનની જવાબદારી અક્ષયપાત્રને સોંપવા માટેની દરખાસ્ત જિલ્લાતંત્ર દ્વારા સરકારને કરી દેવામાં આવી છે. જે અંગેનો નિર્ણય ટૂંકમાં જ લેવાશે તેમ જાણવા મળેલ છે.

## બનાસકાંઠા જિલ્લા સહકારી દૂધ ઉત્પાદક સંઘ લિ.

બનાસડેરી, પો.બો. નં.૨૦, પાલનપુર-૩૮૫૦૦૧.

જા.નં.બનાસ/વહી/૪૦૪૦ આર.પી.એડી. તા.૨૨/૬/૨૦૧૬

### વાર્ષિક સાધારણ સભાની નોટીસ

આથી સંઘની સાધારણ સભાની તમામ સભ્ય સભાસદ મંડળીઓને જણાવવામાં આવે છે કે, સંઘની ૪૮મી વાર્ષિક સાધારણ સભા તા. ૭/૭/૨૦૧૬ને ગુરૂવારના રોજ બપોરના ૧૨-૦૦ કલાકે બનાસડેરી સંચાલિત બનાસ ઓઈલ યુનિટ, ડીસા હાઈવે, બાદરપુરા ખાતે નીચેની કાર્યવાહી હાથ ધરવા સારું રાખવામાં આવે છે, તો આ પ્રસંગે સભામાં હાજરી આપવા સભ્ય સભાસદ મંડળીએ તેમના પ્રતિનિધિશ્રીઓને મોકલવા વિનંતી છે.

**કાર્યસૂચિ :**

(૧) ગત તા. ૩૦/૬/૨૦૧૫ના રોજ મળેલ વાર્ષિક સાધારણ સભાની કાર્યવાહીને બહાલ રાખવા બાબત.

(૨) નિયામક મંડળની તા. ૧૬/૬/૨૦૧૬ની બેઠકમાં મંજૂર કરેલ તા. ૩૧/૩/૨૦૧૬ના રોજ પૂરા થતા વર્ષનું સંઘનું વેપાર તેમજ નફા-તોટા ખાતું તથા સરવૈયું રજૂ કરી તેની નોંધ લેવા તથા સને ૨૦૧૫-૧૬માં સંઘે કરેલા નફાની વહેંચણી અંગે નિયામક મંડળે કરેલ ભલામણ મંજૂર કરવા બાબત.

(૩) સને ૨૦૧૬-૨૦૧૭ના વર્ષ માટેનું આવક / ખર્ચનું અંદાજપત્રક મંજૂર કરવા તેમજ સને ૨૦૧૫-૨૦૧૬ના વર્ષ દરમિયાન અંદાજ કરતાં થયેલ વધારાનો ખર્ચ મંજૂર કરવા બાબત.

(૪) સંઘના પેટા કાયદાની કલમ-૫ મુજબ મર્યાદામાં રહી સંઘે લેવાના કર્જ અને ઉછીના નાણાંની યત્તા નક્કી કરવા બાબત.

(૫) વૈધાનિક ઓડીટરશ્રી તરફથી મળેલ વર્ષ ૨૦૧૫-૧૬નો ઓડીટ રીપોર્ટ તેમજ સંઘે તૈયાર કરેલ વર્ષ ૨૦૧૪-૧૫નો દુરસ્તી અહેવાલ મંજૂર રાખવા બાબત.

(૬) રજીસ્ટારશ્રી, સહકારી મંડળીઓ, ગુજરાત રાજ્ય, ગાંધીનગરના પરિપત્ર જા.નં. ક્રમાંક : વહટ /૬૧૩/કાસુ/ક/૪૧૭/૦૭ તા. ૨૨/૫/૨૦૦૭ અન્વયે નિયામક મંડળના સભ્યોને ભેટ આપવા બાબત.

(૭) શ્રી બનાસકાંઠા જિલ્લા તેલીબીયા ઉત્પાદક સહકારી સંઘ લિ., પાલનપુરના વિલીનીકરણ (મર્જર) બાબતે થયેલ કાર્યવાહી અંગે.

(૮) સંઘ દ્વારા રાજ્યમાં અને રાજ્ય બહાર માલિકીની જમીન ખરીદવા, પ્લાન્ટ ઉભા કરવા, અતિથિગૃહ, સભાગૃહ, સ્ટાફ કોલોની બનાવવા બાબત.

(૯) સંઘ દ્વારા આરોગ્ય અને અન્ય સામાજિક સેવાઓ માટે સ્વ. ગલબાભાઈ નાનજીભાઈ પટેલની જન્મ શતાબ્દી નિમિત્તે સ્મૃતિ ટ્રસ્ટ બનાવી સેવાઓ આપવા બાબત.

(૧૦) પ્રમુખશ્રી તરફથી અગર તેમની મંજુરીથી રજૂ થાય તે ઉપર વિચારણા કરવા બાબત.

**સંજય કરમચંદાની**
**મેનેજીંગ ડીરેક્ટર**
**નિયામક મંડળની સુચનાથી**

**પાલનપુર**
**તા. ૨૨/૬/૨૦૧૬**

**નોંધ :-**

૧. સંઘની દરેક સભ્ય સભાસદ મંડળી તેની વ્યવસ્થાપક કમિટીના સભ્યો પૈકી ૧ (એક) સભ્યનો ઠરાવ કરી, તેને સાધારણ સભામાં મંડળી વતી હાજર રહેવા મોકલી શકશે. હાજર રહેનાર કમિટી સભ્યે ઠરાવના ફોર્મેટમાં જરૂરી માહિતી ભરી સાધારણ સભાના દિવસે રૂબરૂ લઈને આવવાનું રહેશે. મંડળીનો પ્રતિનિધિ સંઘ તથા મંડળી પાસેથી વેતન મેળવતો હોવો જોઈએ નહીં.

૨. હિસાબને લગતા પ્રશ્નો અંગે સભાસદોને જો કોઈ માહિતી જોઈતી હોય તો તા. ૪/૭/૨૦૧૬ પહેલા લેખિત જાણ કરવા વિનંતી છે.

# સેક્ટર-૭માં ઝુંપડાના ૧૫ દબાણ દુર કરાયા

**લારી ગલ્લાના દબાણો અદ્રશ્ય થઇ ગયા : દબાણની સમસ્યા ડામવા તંત્ર દ્વારા સેક્ટરોમાં ઝુંબેશ હાથ ધરાઇ**

ગાંધીનગર તા ૨૩

શહેરમાં દબાણની સમસ્યા જટીલ બની છે. સેકટરોમાં નજર નાંખો ત્યાં દબાણોનો અડીંગો જોવા મળે છે. સેકટરના રહેણાંક વિસ્તાર નજીક પણ ઝુપડાના દબાણોની કતાર જોવા મળે છે. ત્યારે શહેરને દબાણ મુકત કરવા તંત્ર દ્વારા આજે દબાણ હટાવ ઝુંબેશ હાથ ધરવામાં આવી હતી. સે- ૭ માં ઝુંપડાના ૧૫ દબાણો દુર કરાયા હતા. જો કે આ દરમિયાન લારી ગલ્લાના દબાણ કર્તાઓ તંત્રની ગતિવિધિઓની જાણ થતા અદ્રશ્ય થઈ ગયા હતા. શહેરના અન્ય સેકટરમાં પણ દબાણ હટાવ ઝુંબેશ ચાલુ રહેશે. જો કે દબાણ હટાવ ઝુંબેશના અંતે પુનઃ દબાણો યથાસ્થિત ગોઠવાઈ જતા દબાણો દુર કરવાની કામગીરી અત્યાર સુધી માત્ર નાટકીય જ રહી હોવાનો આક્રોશ પણ સેવાઈ રહયો છે.

શહેરમાં દબાણ અને ગંદકીની સમસ્યા વકરતા અનેક વિધ સમસ્યાઓ વચ્ચે નગરજનો દુવિધાઓનો શિકાર બની રહયા છે. દબાણના લીધે ગંદકીનો પ્રશ્ન પણ જટીલ બન્યો છે. શહેરને સ્માર્ટ સીટી બનાવાના શમણાં સેવાઈ રહયા છે.ત્યારે ગ્રીન સીટીમાં વધતા દબાણો દુર કરવા માટે તંત્ર સજાગ બન્યુ છે. શહેરના સેકટરોમાં દિન પ્રતિદિન વધતા દબાણોના લીધે અનેકવિધ સમસ્યાઓ ઉદભવતી હોવાનો આક્રોશ પણ ઉઠવા પામ્યો છે. શહેરમાં સ્થિત પાર્કીંગ પ્લેસ પર દબાણોએ અડ્ડો જમાવતા ટ્રાફિકની સમસ્યા જટીલ બની છે. જયારે નાગરિકો માટે પાર્કીંગનો પ્રશ્ન શિરદર્દ સમાન બન્યો છે. લાખો રૂપિયાનો ખર્ચે નિર્માણ કરાયેલા પાર્કીંગ પ્લેસ પર સતત દબાણો ગોઠવાઈ જતા વાહન પાર્કીંગની સમસ્યા હઠીલી બની છે. ત્યારે તંત્ર દ્વારા હાથ ધરાયેલી દબાણ હટાવ ઝુંબેશ દરમિયાન આજે સેકટરોમાં ઝુંપડાના દબાણો જ હાથ લાગ્યા હતા. તંત્રની ટીમે સે-૭ માંથી ૧૫ જેટલા ઝુંપડા દુર કર્યા હતા. અન્ય સેકટરોમાં પણ દબાણ દુર કરવાની કામગીરી હાથ ધરાશે.

## અધિક સચિવ કીરીટ અધ્વર્યુંનો સચિવ(સેવા) તરીકનો કાર્યભાર સોંપાયો

ગાંધીનગર, તા. ૨૩

ગુજરાત સરકારે આજે કરેલા એક હુકમમાં સમાન્ય વહીવટ વિભાગના અધિક સચિવશ્રી કીરીટ અધ્વર્યુને સચિવ (સેવ) તરીકેનો વધારાનો ચાર્જ સોંપવાનો નિર્ણય કરેલ છે. સચિવ (સેવા) તરીકે ફરજો બજાવતા શ્રી ધનંજય દ્વિવેદીને તેમના આ વધારાના ચાર્જમાંથી મુકત કરવામાં આવ્યા છે. શ્રી અધ્વર્યુ એ આજે તેમનો આ નવો કાર્યભાર સંભાળી લીધો છે.

## સાંતેજમાંથી કોલેરાનો દર્દી મળ્યો

ગાંધીનગર, તા. ૨૩

ગાંધીનગર જિલ્લાના કલોલ તાલુકાના સાંતેજ ગામેથી આજે કોલેરા પોઝીટીવનો એક કેસ મળી આવ્યો છે. આ સાથે જિલ્લામાં કોલેરા પોઝીટીવ કેસોની સંખ્યા ૨૧ પર પહોંચી છે. મળતી વિગતો પ્રમાણે સાંતેજમાંથી ૨૨ વર્ષના દર્દીને કોલેરા પોઝીટીવ સોલા હોસ્પિટલમાં જણાઈ આવ્યો છે. જ્યાં દર્દીની હાલ સ્થિતિ સ્થિર હોવાનું જાણવા મળેલ છે. તંત્રએ આ દર્દી મળી આવતાં સાંતેજ ખાતે સર્વેલન્સની કામગીરી હાથ ધરી છે.

## સાહિત્યકાર ભગવત્ સુથારનું દુઃખદ અવસાન, આજે અંતિમ યાત્રા

ગાંધીનગર, તા. ૨૩

ગુજરાતી સાહિત્યના જાણીતા સાહિત્યકાર ભગવત્ભાઈ સુથારનું આજે કડી ખાતે દુઃખદ અવસાન થયું છે.



સ્વ. ભગવત્ભાઈ સુથારે ટુંકી વાર્તાઓ દ્વારા સાહિત્યક્ષેત્રમાં પ્રવેશ કર્યો હતો. તેમણે આ પછી નવલકથા, નિબંધોનું સર્જન કરી સાહિત્યક્ષેત્રમાં આગવી ઓળખ પ્રસ્થાપિત કરી હતી.

સ્વ. ભગવતભાઈ સુથાર છેલ્લા થોડાક સમયથી નાદુરસ્ત હતા. સ્વર્ગસ્થની અંતિમ યાત્રા સવારે ૧૦-૩૦ વાગે તેમના કડી ખાતેના નિવાસસ્થાનેથી નીકળશે. સ્વ. ભગવત્ભાઈ સુથાર ગાંધીનગરકલ્ચરલ ફોરમના જોઈન્ટ સેક્રેટરી, રોટરી ક્લબના પાસ્ટ પ્રેસીડેન્ટ તેમજ શ્રદ્ધાદીપ લેબોરેટરીવાળા શ્રી મહેન્દ્રભાઈ ગજ્જરના પિતા થાય છે. તેમના અવસાનના સમાચારથી સાહિત્યપ્રેમીઓ અને શુભેચ્છકો તેમજ મિત્રોમાં ઘેરા શોકની લાગણી પ્રસરી જવા પામી હતી.

ઈંટનો શ્રેષ્ઠ, સસ્તો અને મજબૂત વિકલ્પ
ફ્લેટ, બંગલો, બાઉન્ડ્રી વોલ, ઈન્ડસ્ટ્રીયલ વોલ, સ્કૂલ, હોસ્પિટલ માટે
● ઈંટો કરતા વધારે મજબૂત અને ત્રીજા ભાગનું વજન
● ઝડપી કામ તેમજ સીમેન્ટ, રેતી, પાણી અને મજુરીમાં મોટી બચત
● ઓછી કિંમત
● દિવાલો ખૂબ જ ઓછી તપે જેથી અંદરનું વાતાવરણ ઠંડુ રહે
● ઉધઈ અને કીટક પ્રતિરોધક
● ઈલેક્ટ્રીક અને પ્લમ્બીંગ કામ માટે એકદમ સરળ
● મશીન કટ દ્વારા પરફેક્ટ સાઈઝ, એકધારી ગુણવત્તા
● ઘોંઘાટ સામે રક્ષણ (High Sound Insulation)
● દિવાલોમાંથી નિકળતા ક્ષારથી મુક્તિ
ડીલર ઈન્કવાયરી આવકાર્ય
ECO GREEN™
Autoclaved Aerated Concrete Blocks
ગાંધીનગર-ચિલોડા હાઈવે, આર્મી કેમ્પ સામે,
તા. જી. ગાંધીનગર | ફોન : ૭૩૫૯૪૮૮૮૨૦
sales@ecogreenproducts.in | www.ecogreenproducts.in

ઈશ્વરકૃપા ટાયર સર્વિસ
ગાંધીનગર ખાતે સૌથી જુના અને જાણીતા
એપોલો/સીયેટ કંપનીના અધિકૃત વિક્રેતા
CEAT
તમામ સાઈઝના ઓરીજનલ ટાયર-ટ્યૂબ હાજર સ્ટોકમાં વ્યાજબી ભાવે મળશે
પ્લોટ નં. ૮૫૯, વિશ્વકર્મા શોપીંગ સેન્ટર, સરકારી લાઈબ્રેરીની બાજુમાં, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (દુ.) ૨૩૨૬૧૧૬૩, મો. : ૮૧૪૧૦ ૧૨૩૫૪, ૮૧૪૦૪ ૬૦૭૬૭

Govt. of India Regd. No. 38383 / 82 **માલિક - પ્રકાશક - મુદ્રક** : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. **તંત્રી** : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@yahoo.com